A5001435

# GUJARATI

## (Second Language)

***Maximum Marks : 80***

***Time Allowed : Three Hours***

1. *Answers to this Paper must be written on the paper provided separately.*
2. *You will **not** be allowed to write during the first **15** minutes.*
3. *This time is to be spent in reading the question paper.*
4. ***The time given at the head of this Paper is the time allowed for writing the answers.***
5. *This paper comprises two Sections; **Section A** and **Section B.***
6. *Attempt **all** the questions from **Section A**.*
7. *Attempt **four** questions from **Section B**, answering at least **one** question each from the **two** books you have studied and **any two** other questions from the same books that you have compulsorily chosen.*
8. *The intended marks for questions or parts of questions are given in brackets [ ].*

***Instruction for the Supervising Examiner***

*Kindly read aloud the instructions given above to all the candidates present in the Examination Hall.*

**This Paper consists of 12 printed pages.**



© *Copyright reserved.*

## SECTION—A (40 Marks)

*Attempt **all** questions.*

### Question 1

Write a short composition in **Gujarati** of approximately **250** words on any **one** of the following topics :— [15]

નીચેના વિષયોમાંથી કોઈપણ **એક** વિષય પર આશરે **૨૫૦** શબ્દોમાં **ગુજરાતીમાં** નિબંધ લખો :—

(i) ભારતમાં આવેલા વિવિધ ઐતિહાસિક સ્થળો — તમે લીધેલી કોઈ એક ઐતિહાસિક સ્થળની મુલાકાતનું વર્ણન કરો.

(ii) 'શિસ્ત બાળકના ગુણોને પ્રકાશિત કરે છે અને ભવિષ્યમાં તેને ઉત્તમ નાગરિક બનાવે છે'. આ વાક્યને ધ્યાનમાં રાખીને તમારા વિચારો વ્યક્ત કરતો નિબંધ લખો.

(iii) 'આજના સમયમાં સંયુક્ત કુટુંબમાં રહેવાના ઘણા લાભ છે'. — આ વિધાનની તરફેણ કે વિરૂદ્ધમાં તમારો મત દર્શાવો.

(iv) 'કરણી તેવી પાર ઉતરણી' આ કહેવતને આધારે કોઈ વાર્તા કે પ્રસંગ તમારા શબ્દોમાં લખો.

(v) સાથે આપેલું ચિત્ર જોઈ તમારા મનમાં ઊઠતા ભાવોને વાચા આપતો નિબંધ, લેખ કે વાર્તા લખો :—



**Question 2**

Write a letter in **Gujarati** in approximately **120** words on any **one** of the topics given below :— [7]

નીચે આપેલા કોઈ પણ **એક** વિષય પર આશરે **૧૨૦** શબ્દોમાં **ગુજરાતીમાં** પત્ર લખો :—

(i) ઉનાળાની રજાઓમાં તમે તમારા શરીર અને મનની તંદુરસ્તી માટે ઘણી પ્રવૃત્તિઓ કરવાના છો. માનસિક અને શારીરિક તંદુરસ્તી માટે વિવિધ પ્રવૃત્તિઓ અને કસરતનું મહત્ત્વ જણાવતો પત્ર તમારા મિત્રને લખો.

(ii) ઘણાં દિવસોથી તમારી સોસાયટીમાં પીવાનું પાણી ખરાબ આવે છે. જેના લીધે સોસાયટીના લોકોની તબિયત બગડી છે. આ અંગેની ફરિયાદ કરતો અને યોગ્ય પગલાં લેવાની વિનંતી કરતો પત્ર મ્યુનિસિપાલિટીના અધિકારીને લખો.

**Question 3**

Read the passage given below and answer in **Gujarati** the questions that follow, using your own words :—

નીચેનો પરિચ્છેદ વાંચો અને તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ **ગુજરાતીમાં** તમારા શબ્દોમાં લખો :—

માર્ક નામનો એક છોકરો પરદેશની એક નિશાળમાં ભણતો હતો. એક દિવસ શાળામાંથી છૂટ્યા પછી એ પોતાના ભાઈબંધોની જોડે ઘરે ન ગયો. એકાદ ચોપડી બદલવાની હોવાથી થોડી વાર લાઈબ્રેરીમાં રોકાયો. છેક સાંજ પડી ત્યારે એ ઘરે જવા નીકળ્યો. રસ્તામાં એણે જોયું કે સ્કૂલથી થોડે દૂર એના જેવડો જ એક છોકરો, ઘણાં બધાં પુસ્તકો, બેઝબૉલનું બૅટ, બેઝબૉલના મોજાં અને અન્ય થોડો સામાન લઈને એની આગળ જઈ રહ્યો હતો. એના હાથમાં એ બરાબર રીતે સાચવીને ઉપાડી શકે એનાથી વધારે વસ્તુઓ હતી એ સ્પષ્ટ દેખાઈ આવતું હતું, અચાનક એ છોકરાનો પગ લથડ્યો અને એના હાથમાંની બધી વસ્તુઓ જમીન પર પડીને વેરવિખેર થઈ ગઈ. એ પોતે પણ નીચે પડી ગયો. પછી થોડી વસ્તુઓ પોતે લઈને બોલ્યો, ‘ચિંતા ન કરીશ, દોસ્ત ! તારો આટલો સામાન હું ઉપાડી લઉં છું. ચાલ, હવે એ બતાવ, આપણે કઈ તરફ જવાનું છે ? અને હા, બાય ધી વે, મારું નામ માર્ક છે !’

પેલા છોકરાના રડમસ ચહેરા પર હાસ્ય ફૂટી નીકળ્યું. પોતાના ભાગનો સામાન ઊંચકતા એ બોલ્યો. 'મારું નામ જૉન છે. તું મારી સાથે ઘરે આવીશ ?'

બંને જણા વાતો કરતાં કરતાં જૉનના ઘરે પહોંચ્યા. જૉનની માતાએ નાસ્તો અને ચા તૈયાર કર્યાં. એટલી વારમાં બંને છોકરાઓએ ચૅસનો એક દાવ પણ ખેલી નાખ્યો. માર્કનો સ્વભાવ એટલો રમૂજી અને મળતાવડો હતો કે થોડી વારમાં જ એ જૉનની માતા સાથે પણ સરસ રીતે વાતો કરવા માંડ્યો.

એ દિવસ પછી તો માર્ક અને જૉન બંને પાકા ભાઈબંધ બની ગયા. બંને એક જ બૅન્ચ પર બેસતા અને લગભગ દરેક કાર્યક્રમ, સ્પર્ધા કે રમતમાં જોડે જ રહેતા. એમ કરતાં શાળાના દિવસો પૂરા થયા. એક દિવસ બંનેને છૂટા પડવાનો સમય પણ આવી ગયો.

છૂટા પડવાની આગલી સાંજે જૉને માર્કને ફોન કરીને પૂછ્યું કે, 'માર્ક! હું તને મળવા માગું છું. શું અત્યારે હું તારા ઘરે આવી શકું ?'

માર્કે હા પાડી, જૉન માર્કના ઘરે આવ્યો. બંને જણ માર્કના રૂમમાં બેઠા. થોડીક વાર આડીઅવળી વાતો થઈ એ પછી જૉન બોલ્યો, 'માર્ક ! તને આપણી પ્રથમ મુલાકાત યાદ છે ? તેં મને ચોપડા - બૅટ વગેરે મારા ઘરે પહોંચાડવામાં મદદ કરેલી, યાદ આવ્યું ?'

'હા ! તું ઘણો સામાન લઈ જઈ રહ્યો હતો, એ મને બરાબર યાદ છે.' માર્ક બોલ્યો.

'પણ એ બધું હું શું કામ લઈ જઈ રહ્યો હતો એ તેં મને નહોતું પૂછ્યું. ખરું ને ? હકીકતે એ બધું હું મારું શાળાનું લૉકર ખાલી કરીને ઘરે લઈ જઈ રહ્યો હતો, જેથી મારા ગયા પછી બીજા કોઈને એ ખાલી કરવાની ઝંઝટ ન રહે!'

'તારા ગયા પછી એટલે ?' માર્કે નવાઈ સાથે પૂછ્યું.

'દોસ્ત!' જૉન ગંભીર બની ગયો, 'વાત એમ છે કે હું જિંદગીથી સાવ હતાશ અને નિરાશ થઈ ગયો હતો. મારા પિતાજીના અવસાન પછી અમે આ શહેરમાં આવ્યા હતા. મારે કોઈ મિત્ર, સગાંવહાલાં કે ભાઈબહેન નહોતા. અરે, દિવસોના દિવસો સુધી મારી સાથે મારી માતા સિવાય વાત કરવાવાળું પણ બીજું કોઈ નહોતું. અમારી આર્થિક સ્થિતિ પણ ખૂબ નબળી હતી. મારી માતાને મારા અભ્યાસની તેમ જ ઘરની એમ બેવડી જવાબદારી પૂરી કરવા માટે રાત-દિવસ કામ કરવું પડતું. એ બધી તકલીફોથી કંટાળીને મેં જિંદગીનો અંત લાવવાનું નક્કી કરી નાખ્યું હતું, પરંતુ માર્ક! એ દિવસે તેં મને ટેકો આપેલો. એ નાનકડા ટેકાએ જ મારી જિંદગી બચાવી છે. દોસ્ત! તારો આભાર કઈ રીતે....!'

જૉન આગળ બોલી ન શક્યો. એની આંખમાંથી અવિરત આંસુ વહેતાં હતાં, તો સામે માર્કની આંખો પણ ક્યાં કોરી હતી ? એ જૉનનો હાથ પકડીને ચૂપચાપ બેઠો હતો.

**પ્રશ્નો :-**

(i) માર્કે જૉનની કઈ પરિસ્થિતિમાં મદદ કરી ? [2]

(ii) બંને મિત્રોની મિત્રતા કઈ રીતે આગળ વધી ? [2]

(iii) જૉને લૉકર કેમ ખાલી કર્યું હતું ? [2]

(iv) જૉને ગંભીર બની કઈ સત્ય હકીકત જણાવી ? [2]

(v) આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો. આ વાર્તા પરથી તમે શો બોધ ગ્રહણ કરશો ? જણાવો. [2]

## Question 4

Answer the following questions according to the instructions given below :— [8]

નીચેના પ્રશ્નોના ઉત્તર સૂચના પ્રમાણે લખો :—

(i) 'પાણી વગરનું' - રૂઢિપ્રયોગ માટે યોગ્ય વાક્ય પસંદ કરો.

(a) પરેશે પાણી વગરનો ઉપવાસ કર્યો.

(b) વૈદ્ય હકીમ પાણી વગરનો ઈલાજ કરે છે.

(c) કચ્છમાં ઉનાળામાં પાણી વગરના દિવસો કાઢવા પડે છે.

(d) દ્રૌપદીને વસ્ત્રહરણ વખતે પાંડવો પાણી વગરના લાગ્યા.

(ii) 'કોરું' શબ્દ માટે દ્વિઅર્થ જણાવો :—

(a) લખ્યા વિનાનું, ભીનું ન હોય તેવું

(b) ચોખ્ખું, નાનું

(c) ધ્યેય, પ્રેમ

(d) મતલબ, પેસા

(iii) 'પચીસ વર્ષ પૂરાં થયે ઊજવાતો ઉત્સવ', શબ્દસમૂહ માટે એક શબ્દ શોધો.

(a) સુવર્ણ મહોત્સવ

(b) રજતમહોત્સવ

(c) હીરક મહોત્સવ

(d) ષષ્ટિપૂર્તિ

(iv) નીચે આપેલી ખાલી જગ્યામાં લીટી દોરેલા શબ્દનો યોગ્ય વિરોધી શબ્દ શોધો.

સજ્જન માણસો હંમેશા <u>અપકારનો</u> બદલો પણ ......... થી જ આપતા હોય છે.

(a) નિસર્ગ

(b) ઉપસર્ગ

(c) ઉપહારી

(d) ઉપકાર

(v) લીટી દોરેલા શબ્દનું લિંગ (જાતિ) બદલતાં બનતું વાક્ય શોધો.

સવારે અગાસીમાં <u>મોર</u>ને જોયો.

(a) સવારે અગાસીમાં ઢેલીને જોઈ.

(b) સવારે અગાસીમાં મોરીનીને જોઈ.

(c) સવારે અગાસીમાં ઢેલને જોઈ.

(d) સવારે અગાસીમાં મેનાને જોઈ.

(vi) સાચી જોડણીવાળું વાક્ય શોધી ફરીથી લખો.

(a) સાધુ મહારાજે યુવતીને સાચી સલાહ આપી.

(b) સાધૂ મહારાજે યુવતીને સાચી સલાહા આપી.

(c) સાધુ મહારાજે યુવતીને સાચિ સલાહા આપી.

(d) સાધૂ મહારાજે યુવતીને સાચિ સલાહ આપી.

(vii) નીચેના વાક્યનું ભવિષ્યકાળ દર્શાવતું વાક્ય શોધો.

આરવ સરકસ જોવા જાય છે.

(a) આરવ સરકસ જોવા જઈ રહ્યો છે.

(b) આરવ સરકસ જોવા ગયો હતો.

(c) આરવ સરકસ જોવા જશે.

(d) આરવ સરકસ જોઈને આવ્યો.

(viii) સમૂહવાચક નામનો ગુચ્છ પસંદ કરો.

(a) ફોજ, કાફલો, ધણ, લૂમ

(b) ફોજ, ગળાશ, ઘણ, લૂમ,

(c) ઘી, કાફલો, પવિત્રતા, યમુના

(d) ફોજ, રામ, ઘણ, કાફલા

## SECTION—B (40 Marks)

*Questions from only* ***two*** *of the following textbooks are to be answered.*

*Attempt* ***four*** *questions from this Section.*

*You must answer at least* ***one*** *question from each of the* ***two*** *books, you have studied and any* ***two*** *other questions from the same books that you have chosen.*

## સાહિત્ય ગુર્જરી (કવિતાઓ)

## SAHITYA GURJARI (POEMS)

**Question 5**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—

નીચેની કંડિકા વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો:—

"મોતી ભાંગ્યું વીંધતાં, મન ભાંગ્યું કવેણ;
ઘોડો ભાંગ્યો ઠેકતાં, નહીં સાંધો નહીં રેણ."
"જાતે કરવું, જાતે રળવું, જાત વિના સૌ જૂઠુંજી.
જાતે ઝૂઝવું, જાતે વધવું, જાત વડે ઉદ્ધરવું જી."

**'સુભાષિતો'**
**'Subhashito'**

(i) 'સુભાષિત' એટલે શું ? તેમાં કઈ કઈ બાબતોનો સમાવેશ કરવામાં આવે છે ? [2]

(ii) કઈ કઈ જગ્યાએ સાંધો કે રેણ ચાલે નહિ ? શા માટે ? [2]

(iii) 'જાતે કરવું ......' — સુભાષિત તમારા શબ્દોમાં સમજાવો. [3]

(iv) સાચા અને ખોટા મિત્રમાં શું અંતર હોય છે ? સાચી મિત્રતાનું કોઈ એક ઉદાહરણ આપીને સમજાવો. [3]

**Question 6**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો:—

"ખોલી મેજખાનું કાઢ્યો ચાક તણો ગાંગડો -
ને માંડી લખાલખ કાળા પાટિયામાં ટ....પ્ ટ....પ્."

**'એ નિશાળ... એ સવાર... !' - સુંદરજી બેટાઈ**
**'Ae Nishal... Ae Savar...!' - Sundarji Betai**

(i) શાળામાં વિદ્યાર્થીઓની કેવી વિવિધતા છે ? ટોળીના સરદારનો પરિચય આપો. [2]

(ii) માસ્તરને કઈ કુદરતી ખોડ છે ? તેમની તુલના કોની સાથે કરી છે ? [2]

(iii) 'માસ્તરની ભણાવવાની અને પહેરવેશની ઢબ અનેરી છે' - તેવું આપણે કઈ રીતે કહી શકીએ ? [3]

(iv) શિક્ષક પાછા વર્ગમાં આવી કાળા પાટિયા પર શું લખે છે ? મૂંગા રહી પ્રેમપૂર્વક અપાયેલ સૂચના તમારા શબ્દોમાં વર્ણવો ? [3]

**Question 7**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખોઃ—

"શરદ શી સુહે ! વાદળાં ગયાં, જળ નદી તણાં નીતરાં થયાં,
ગગનથી સુધા ચંદ્રની ઝરી, રસભરી રમે રાસ ગુર્જરી."

**'છ ઋતુઓ'- ઉમાશંકર જોશી**

**'Chha Rutuo' - Umashankar Joshi**

(i) આ કાવ્ય શેમાંથી લેવામાં આવ્યું છે તે જણાવી, તેમને સાહિત્યિક રચના માટે કયું ઇનામ મળ્યું હતું તે જણાવો. [2]

(ii) ઋતુચક્રનું જીવસૃષ્ટિમાં મહત્ત્વ સમજાવો. [2]

(iii) ઉપરની પંક્તિમાં આપેલ ઋતુનું વર્ણન તમારા શબ્દોમાં કરો. [3]

(iv) હેમંત ઋતુનું કાવ્યના આધારે વર્ણન કરો. [3]

## સાહિત્ય ગુર્જરી (ટૂંકીવાર્તાઓ)

## SAHITYA GURJARI (SHORT STORIES)

**Question 8**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખોઃ—

"તે દિવસે રવિવાર હતો. રવિવારે હું ખાસ આનંદમાં હોઉં છું, કારણકે એકાદ પ્રોગ્રામમાં મારે હાજરી આપવાની હોય જ છે."

**'હિંમત - મારો દોસ્ત'- મોહમ્મદ માંકડ**

**'Himmat-maro dost' - Mohammad Mankad**

(i) રસિકભાઈનું હુલામણું નામ શું હતું ? તેમના સ્વભાવનું વર્ણન કરો. [2]

(ii) રસિકભાઈના ઘરે કોણ આવે છે ? તે સમયે રસિકભાઈને ક્યાં જવાનું હોય છે ? [2]

(iii) રસિકભાઈની ગેરહાજરીમાં બનેલી ઘટના સમયે કોણે કેવી રીતે મદદ કરી ? [3]

(iv) 'છાશ લેવા જવું ને દોણી સંતાડવી' નો અર્થ જણાવો, એવું રસિકભાઈ કોના માટે, કેમ વિચારે છે ? [3]

**Question 9**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow:—

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો:—

આજે આઠદસ દિવસ પછી પહેલવહેલો ચા કરવા બેઠો ત્યાં ઓરડી આખી ધુમાડાથી ભરાઈ ગઈ ને ઘર પણ સાંભર્યું.''

**'પરિવર્તન' - ગૌરીશંકર જોશી (ધૂમકેતુ)**

**'Parivartan'- Gaurishankar Joshi (Dhumketu)**

(i) કિશોરીલાલનું ગૃહત્યાગનું કારણ શું હતું ? કયા નિશ્ચય સાથે ઘર છોડ્યું ? [2]

(ii) કિશોરીલાલની સ્વભાવગત ખાસિયત જણાવો ? [2]

(iii) હરિપ્રસાદભાઈની આંખમાં આંસુ કેમ આવ્યા ? [3]

(iv) લલિતાબહેને કિશોરીલાલની માની નવી જ મૂર્તિ કઈ રીતે ખડી કરી ? લેખક આ વાર્તા દ્વારા શો બોધ આપે છે ? [3]

**Question 10**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો:—

''બાપુ ! ગજબ થઈ ગયો !'' જોગીદાસે બહારવટે રઝળતાં એક દિવસ મોતીઆળાના ડુંગરમાં પોતાના બાપ હાદા ખુમાણને શોકના સમાચાર સંભળાવ્યા.''

**'સાદ વરત્યો' - ઝવેરચન્દ મેઘાણી**

**'Sad Vartyo' - Zaverchand Meghani**

(i) લેખકને કયું બિરુદ આપવામાં આવ્યું છે ? તેમની બે કૃતિઓના નામ જણાવો. [2]

(ii) ઉપરનું વાક્ય કોણ, ક્યારે કહે છે ? [2]

(iii) દરબારગઢની કઈ રીત હતી ? 'જોગીદાસ ખુમાણ' નામ પડતાં કેવું વાતાવરણ સર્જાય ગયું ? [3]

(iv) 'જોગીદાસ ખુમાણ જાણે લખમણ જતિનો અવતાર' આ વાક્યને ધ્યાનમાં રાખીને જોગીદાસનો પાત્ર પરિચય આપો. [3]

## 'વાંસનો અંકુર' - ધીરુબહેન પટેલ

## VANSANO ANKUR - DHIRUBEN PATEL

**Question 11**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખોઃ—

'ઝરૂખા નીચેના આંગણામાં મોટર તૈયાર જ હતી. લાકડી જડતાની સાથે જ મોતીલાલ બહાર નીકળ્યા કેશવ એમને વળાવવા પગથિયાં સુધી ગયો, પછી હાથ જોડ્યા, મુલાકાત પૂરી થઈ....'

(i) મોતીલાલે ત્રીજી વારની મુલાકાતમાં કેશવને કયો પ્રશ્ન પૂછ્યો ? કેશવે તેનો શો જવાબ આપ્યો ? [2]

(ii) ઝરૂખા નીચે ઊભેલી મોટરે મોતીલાલને ક્યાં ઉતાર્યા ? 'જઈ આવ્યા ભાઈ ?' આ પ્રશ્ન કોણ પૂછે છે ? [2]

(iii) કેશવના માતા અને બે માસીઓનાં નામ લખો. આરામખુરશીમાં લંબાવતા કેશવને કેવો અનુભવ થયો ? [3]

(iv) વિમળામાસીનાં ઓરડાનું વર્ણન કરો. [3]

**Question 12**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખોઃ—

"આ મોતીલાલનો છોકરો ને ? નાક તદ્દન એના બાપ જેવું છે."

આ અજાણ્યા માણસ સાથે આત્મીયતા બંધાઈ ગઈ. કમસે કમ એ તો આંધળા પાટાની રમત નથી રમતો."

(i) આ અજાણ્યો માણસ કોણ છે ? તેઓ ક્યાં રહેતા હતા ? તેમનો સ્વભાવ કેવો હતો ? [2]

(ii) આ વ્યક્તિના બંગલાનું વર્ણન કરો. [2]

(iii) રમણીકલાલે શા માટે જમીન રાખી હતી ? કેશવની કઈ વાતથી તેઓ ગુસ્સે થયા ? [3]

(iv) સુવર્ણા કોણ હતી ? તેનો સ્વભાવ કેવો હતો ? [3]

**Question 13**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો:—

'કેશવ એ વાત જાણતો હતો પણ એનાથી હા ન પડાઈ અને પોતાને પણ ખબર ન પડે એ રીતે એની જાતનો એકાદ ભાગ રમણીકલાલના ગૌરવ સાથે એકરૂપ બની ગયો હતો....'

(i) છાપા વંચાતા હતાં ત્યારે ટ્રેમાં નાસ્તા માટે કઈ કઈ વસ્તુઓ આવી ? [2]

(ii) વિમળામાસી કેશવની સામે હસતાં હતાં ત્યારનો વિમળામાસીનો દેખાવ કેશવને કેવો લાગ્યો ? [2]

(iii) વસ્તુઓ ઠીક અને વ્યવસ્થિત રાખવા બાબતે રમણીકલાલ કેશવને શું કહેતા ? [3]

(iv) કેશવની છાપા વાંચવાની રીત કેવી અને કોના જેવી હતી ? [3]

## એકાંકી ગુર્જરી

## EKANKI GURJARI

**Question 14**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખો:—

સૂત્રધાર : તો જોયું બાળમિત્રો....કેવા છે અમારા રાજા લાડુસિંહ! ખાધા પછી કેવા ત્રણ ઓડકાર આવે છે ! પરંતુ એક વખત એવું થયું કે રાજાએ ખૂબ ખાધું. ખાધા પછી રાજાને ઓડકાર જ આવ્યો નહીં....'

**'રાજા લાડુસિંહ' - ડૉ. શિવશંકર જોશી**

**'Raja Ladusinh' - Dr. Shivshankar Joshi**

(i) 'રાજા લાડુસિંહ' એકાંકી કયા પ્રકારનું નાટક છે ? આ એકાંકી લેખકના કયા પુસ્તકમાંથી લેવામાં આવ્યું છે ? [2]

(ii) રાજાને ઓડકાર આવે તે માટે નગરમાં શો ઢંઢેરો પીટાવ્યો ? [2]

(iii) રાજાને ઓડકાર આવે તે માટે આવેલા બાળકને જોઈને રાજા શું બોલ્યા ? બાળકે પ્રધાનો પાસે મહારાજને શું શું કરવા કહ્યું ? [3]

(iv) નાટકના અંતમાં બાળક રાજા પાસે શી માંગણી કરે છે ? આ વાર્તામાંથી મળતો બોધ તમારા શબ્દોમાં લખો. [3]

**Question 15**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખોઃ—

"આ જાહેરખબર છપાવ્યાને આજે આઠ દિવસ થઈ ગયા છે અને મારા પર આજે ત્રણચાર જણાના આવવાના કાગળ પણ આવી ગયા છે. માટે જે આવે તેને બરાબર માન આપી મારી આગળ હાજર કરજે."

**'લગ્નના ઉમેદવાર' - જ્યોતિન્દ્ર દવે**

**'Lagnana Umedwar' - Jyotindra Dave**

(i) વાર્તાના લેખકને કયા બે પુરસ્કારો મળેલ છે ? તેમના કોઈપણ બે હાસ્યલેખો - સંગ્રહોના નામો લખો. [2]

(ii) ઉપરનું વાક્ય કોણ બોલે છે ? કન્યાને જોવા કેટલા ઉમેદવારો આવ્યા હતા ? તેમના નામો જણાવો. [2]

(iii) આવનાર કવિએ પોતાની યોગ્યતા બતાવતા કન્યા વિશે શું કહ્યું ? [3]

(iv) ચિઠ્ઠી કોણે બનાવી હતી ? તેમાં શું લખ્યું હતું ? તેનાથી શું પરિસ્થિતિ સર્જાઈ ? [3]

**Question 16**

Read the extract given below and answer in **Gujarati**, the questions that follow :—

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના **ગુજરાતીમાં** ઉત્તર લખોઃ—

"વસ્તીનું આ દુઃખ એ મારું દુઃખ છે. પણ નિવારણનો કોઈ રસ્તો મને દેખાયો નહીં ત્યારે હું મૂંઝાયો એવે વખતે તમે યાદ આવ્યા !"

**'દેશભક્ત જગડુશા' - રમણલાલ સોની**

**'Deshbhakt Jagdusha' - Ramanlal Soni**

(i) શેઠ જગડુશાને મળવા કોણ આવ્યું ? તેમના પર કઈ આફ્ત આવી પડી ? [2]

(ii) જગડુશા પાસે કેટલી વખારો હતી ? વખારના પતરામાં શું લખાણ હતું ? [2]

(iii) રૈયત શા માટે ભૂખે મરે છે ? તે પરિસ્થિતિનું વર્ણન કરો ? [3]

(iv) ઉદારતા દાખવનાર શેઠ જગડુશાનો પાત્ર પરિચય આપો. [3]